નિયામક, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી,
બ્લોક નં. ૧૪/૬, સરદાર પટેલ ભવન
નવા સચિવાલય, ગાંધીનગર
ફોન : (૦૭૯) - ૨૩૨૫૧૧૭૦
Email : dire-cs-fcs@gujarat.gov.in
તારીખ : 28/03/2020

નં. પીડીએસ/એપ્રિલ-૨૦૨૦/ફૂડ બાસ્કેટ/120/2020-21

પ્રતિશ્રી,

જીલ્લા કલેકટરશ્રી (તમામ)

**વિષય** : કોરોના (COVID-19) વાયરસની વ્યાપક અસરના કારણોસર જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લાભાર્થીઓને એપ્રિલ – ૨૦૨૦ દરમ્યાન વિના મૂલ્યે રેશન આપવા બાબત.

**સંદર્ભ** : સરકારશ્રીના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના ઠરાવ ક્રમાંક : પીડીએસ/૧૪૨૦૨૦/૨૬૩/ક તા. ૨૮/03/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનુ કે, હાલ સમગ્ર દુનિયામાં કોરોના (COVID-19) વાયરસની વ્યાપક અસર થયેલ છે. જેની અસર સમગ્ર ભારતમાં, અન્ય રાજ્યોમાં તેમજ ગુજરાત રાજ્યમાં પણ થયેલ છે. જેના અનુસંધાને ભારત સરકારના ગૃહવિભાગના હુકમ નં : ૪૦-૩૨૦૨૦-ડી.એમ-ઇ(અ) તા. ૨૪/03/૨૦૨૦થી સાવચેતીના પગલારૂપે તા. ૨૫/3/૨૦૨૦ ના રોજથી ૨૧ દિવસ માટે સમગ્ર ભારતમાં લોક ડાઉન કરવામાં આવેલ છે. આ લોક ડાઉનની વ્યાપક અસર હેઠળ ધંધા રોજગાર બંધ થયેલ છે, આથી છુટકમજૂરી કરનાર, રોજીંદી મજૂરી કરી આવક મેળવનાર રોજમદાર, લારી-ગલ્લા / રીક્ષા વાળા વગેરે જેવા "રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા" હેઠળ આવરી લેવાયેલ લાભાર્થીઓને આર્થિક રીતે માઠી અને વિપરિત અસર થઇ રહી છે.

રાજ્યમાં ૮.૦૭ લાખ જેટલા અંત્યોદય કાર્ડધારકો તથા ૫૭.૩૩ લાખ જેટલા અગ્રતા ધરાવાતા કુટુંબો (PHH) મળી કુલ ૬૫.૪૦ લાખ NFSA કાર્ડધારકોની સવા ત્રણ કરોડ જેટલી જનસંખ્યા છે. વર્તમાન પરિસ્થિતિમાં ધંધા- રોજગારની વિપરીત અસરને ધ્યાને લઇ એપ્રિલ - ૨૦૨૦ માસમાં તેઓને મળવાપાત્ર ઘઉં, ચોખા, દાળ, ખાંડ, આયોડાઇઝ મીઠુ જેવી આવશ્યક ચીજ વસ્તુઓનો જથ્થો સરળતાથી આપવાની

બાબતે માન.મુખ્ય મંત્રીશ્રી તથા માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં તા.૨૫/૦૩/૨૦૨૦ના રોજ યોજાયેલ તાકીદની બેઠકમાં આ જથ્થો તમામ લાભાર્થીઓને વિના મૂલ્યે આપવાનો સંવેદનશિલ નિર્ણય કરાયેલ છે તથા તેની સમગ્ર રાજ્યમાં પ્રિન્ટ, ઇલેક્ટ્રોનિક મીડિયા તેમજ સોશ્યલ મીડિયા દ્વારા બહોળી પ્રસિધ્ધિ કરાયેલ છે.

ઉપરકોત વિગતો ધ્યાને લેતાં એપ્રિલ – ૨૦૨૦ માસ માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ નીચે મુજબની વિગતે ઘઉં, ચોખા, દાળ, ખાંડ તથા મીઠાના વિના મૂલ્યે વિતરણ વ્યવસ્થા કરવાની રહે છે.

કોષ્ટક : અ

| ક્રમ | કેટેગરી | રેશનકાર્ડ | જનસંખ્યા | વસ્તુ | મળવાપાત્ર જથ્થો (કિ.ગ્રા) | | ભાવ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એ.એ.વાય (AAY) કુટુંબો | ૮.૦૭ લાખ | ૩૬.૪૪ લાખ | ઘઉં | કાર્ડ દીઠ | ૨૫.૦૦૦ | વિના મૂલ્યે |
| | | | | ચોખા | કાર્ડ દીઠ | ૧૦.૦૦૦ | |
| | | | | દાળ | કાર્ડ દીઠ | ૧.૦૦૦ | |
| ૨ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ૫૭.૩૩ લાખ | ૨૮૪.૮૦ લાખ | ઘઉં | વ્યક્તિદીઠ | ૩.૫૦૦ | |
| | | | | ચોખા | વ્યક્તિદીઠ | ૧.૫૦૦ | |
| | | | | દાળ | કાર્ડ દીઠ | ૧.૦૦૦ | |
| ૩ | તમામ એ:એ.વાય (AAY) કુટુંબો | ૮.૦૭ લાખ | ૩૬.૪૪ લાખ | ખાંડ | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ | ૧.૦૦૦ | |
| | | | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ | ૦.૩૫૦ | |
| ૪ | તમામ બી.પી.એલ કુટુંબો | ૨૭.૩૫ લાખ | ૧૪૩.૫૫ લાખ | ખાંડ | વ્યક્તિદીઠ | ૦.૩૫૦ | |
| ૫ | તમામ એ.એ.વાય (AAY) કુટુંબો અને બી.પી.એલ કુટુંબો | ૩૫.૪૨ લાખ | ૧૭૯.૯૯ લાખ | આયોડાઇઝ મીઠું | ૬ વ્યક્તિ સુધી કાર્ડદીઠ | ૧.૦૦૦ | |
| | | | | | ૬ થી વધુ વ્યક્તિ માટે કાર્ડદીઠ | ૨.૦૦૦ | |
| ૬ | અગ્રતા ધરાવતા કુટુંબો (NFSA APL-1+NFSA APL-2) (નવા પ્રથમવાર) | ૩૩.૩૯ લાખ | ૧૫૬.૧૯ લાખ | ખાંડ | કાર્ડ દીઠ | ૧.૦૦૦ | |
| | | | | આયોડાઇઝ મીઠું | કાર્ડ દીઠ | ૧.૦૦૦ | |

1. ઉપરોકત વિતરણ વ્યવસ્થા અંતર્ગત NIC દ્વારા કરાયેલ સુધારા મુજબ, વાજબી ભાવના દુકાનદારોનુ એપ્રિલ – ૨૦૨૦ માસ માટેના ચલણમાં ભરવાપાત્ર રકમ "શૂન્ય" (0) આવશે.
2. જો વાજબી ભાવના દુકાનદારોએ એપ્રિલ – ૨૦૨૦ માસ માટેના ચલણના નાંણા નિયમોનુસાર આગોતરા ભરી દીધેલ હશે તેવા કિસ્સામાં આવનાર સમયમાં દુકાનદારે ભરેલ નાંણા ઓનલાઇન સીસ્ટમ દ્વારા જ મજરે(સરભર) મળશે. આથી તે અંગે આપના જીલ્લાના તામામ વાજ્બી ભાવના દુકાનદારો વ્યવસ્થિત સમજૂત કરવા
3. હાલ સોફ્ટવેરમાં એપ્રિલ – ૨૦૨૦ માસ માટે ઘઉં, ચોખા, ખાંડ તથા આયોડાઇઝ મીઠાનુ ચલણ અને દાળનું ચલણ અલગ – અલગ બને છે. જેમાં, અમુક વાજબી ભાવના દુકાનદારો દ્વારા એપ્રિલ – ૨૦૨૦ માસનું ઘઉં, ચોખા, ખાંડ તથા આયોડાઇઝ મીઠાનુ ચલણ તથા દાળનું ચલણ જનરેટ કરવામાં આવેલ નથી કે નાણાં ભરવા અંગેની કોઇ પ્રકિયા કરેલ નથી. આથી આવી વાજબી ભાવના દુકાનદારોનુ એપ્રિલ – ૨૦૨૦ માસનું ઘઉં, ચોખા, ખાંડ તથા આયોડાઇઝ મીઠાનુ ચલણ તથા દાળનું ચલણ ઓનલાઇન સીસ્ટમ દ્વારા ડીલીટ થઇ જશે અને એપ્રિલ – ૨૦૨૦ માસ માટે ઘઉં, ચોખા, ખાંડ તથા આયોડાઇઝ મીઠાનુ ચલણ તથા દાળનુ સીસ્ટમ દ્વારા નવુ ચલણ બનશે. જેમાં ભરવાપાત્ર રકમ "શૂન્ય" (0) હશે.

**આથી, વાજ્બી ભાવના દુકાનદારોએ આ નવુ ચલણ સીસ્ટમમાંથી જનરેટ કરવાનુ રહેતુ નથી (એટલે કે તમામ વાજ્બી ભાવની દુકાનદારોના લોગીન આઇ.ડીમાં આ ચલાણ અગાઉથી જ જનરેટ થયેલ હશે એટલે વાજબી ભાવના દુકાનદારોએ આ અંગેની કોઇ કાર્યવાહી કરવાની રહેશે નહી.)**

4. વધુમાં, રાજ્ય સરકાર દ્વારા હાલ અમલમાં રહેલ યોજના મુજબ, રાજયમાં ૮.૦૭ લાખ અંત્યોદય કુટુંબો અને ૨૭.૩૫ લાખ બી.પી.એલ કુટુંબો મળી કુલ ૩૫.૪૨ લાખ કાર્ડધારકોને ખાંડ તથા મીઠાના નિયત કરાયેલ પ્રમાણ મુજબ વિતરણ કરવામાં આવે છે. (કોષ્ટક – 'અ'ના ક્રમ ૩,૪, અને ૫) જ્યારે એપ્રિલ – ૨૦૨૦ માસ માટેની વિના મૂલ્યની "ફૂડ બાસ્કેટ" ઉપરોક્ત લાભાર્થી તથા બાકી

રહેતા NFSA લાભાર્થીઓને ખાંડ તથા મીઠ આપવાનુ રહે છે. આથી, કોષ્ટક – 'અ'ના કોલમ – ૬માં દર્શાવેલ ૩૩.૩૯ લાખ અગ્રતા ધરાવતા કુટુંબો (NFSA APL-1+NFSA APL-2)કે જેઓને હાલ ખાંડ તથા આયોડાઇઝ મીઠાનુ વિતરણ કરવામાં આવતુ નથી તેવા અગ્રતા ધરાવતા કુટુંબો (NFSA APL-1+NFSA APL-2)ને એપ્રિલ – ૨૦૨૦ માસમાં પ્રથમ વખત પ્રતિ કુટુંબ ૧ કિ.ગ્રા ખાંડ તથા પ્રતિ કુટુંબ ૧ કિ.ગ્રા આયોડાઇઝ મીઠાનું વિના મૂલ્યે વિતરણ કરવાનુ રહે છે. આથી, આપના જીલ્લાની તમામ વાજબી ભાવના દુકાનદારોના લોગીન આઇ.ડીમાં આ અંગેનુ નવુ ચલણ જનરેટ થશે તથા આ ચલણમાં ભરવાપાત્ર રકમ "શૂન્ય" (0) હશે.

આથી, વાજ્બી ભાવના દુકાનદારોએ આ નવુ ચલણ પણ સીસ્ટમમાંથી જનરેટ કરવાનુ રહેતુ નથી (એટલે કે તમામ વાજ્બી ભાવની દુકાનદારોના લોગીન આઇ.ડીમાં આ ચલાણ અગાઉથી જ જનરેટ થયેલ હશે એટલે વાજબી ભાવના દુકાનદારોએ આ અંગેની કોઇ કાર્યવાહી કરવાની રહેશે નહી.) તથા આ કાર્ડધારકોને પ્રથમવાર આ યોજનામાં સામેલ કરેલ હોવાથી આ બાબતની વિગતવાર સમજૂતી આપના જીલ્લાના તમામ વાજબી ભાવના દુકાનાદારોને મળી રહે તે અંગે જરૂરી આયોજન તથા અમલીકરણ કરવાનુ રહેશે. આપના જીલ્લા દીઠ, તાલુકા દીઠ, ગામ દીઠ, દુકાન દીઠ આવા લાભાર્થીઓની વિગતો PDS તથા IPDSમાં ઉપલબ્ધ "Ration Card Abstract Report" માંથી મેળવી શકાશે તથા વધુ માર્ગદર્શન તથા વિગતો માટે અત્રેની PMU શાખાનો સંપર્ક કરવાનો રહેશે.

5. એપ્રિલ – ૨૦૨૦ માસ માટેની વિના મૂલ્યની "ફૂડ બાસ્કેટ" અંતર્ગત તમામ વાજબી ભાવના દુકાનદારો દ્વારા ઉપરોક્ત કોષ્ટક – અ અન્વયેની તમામ આવશ્યક ચીજ વસ્તુઓના ચલણની રકમ ભરવામાં આવશે નહી. આથી, આ બાબત ધ્યાને લઇ આપના જીલ્લાના તમામ ગોડાઉન મેનેજર કોષ્ટક – અ અન્વયેની તમામ આવશ્યક ચીજ વસ્તુઓનુ તેઓના લોગીન આઇ.ડી દ્વારા ડીલીવરી ચલણ કાઢી અને આપના જીલ્લાની તમામ વાજબી ભાવની દુકાનોમાં ડોર સ્ટેપ ડીલીવરી કોન્ટ્રાકટર દ્વારા તેઓનો મળવાપાત્ર જથ્થો સમય મર્યાદામાં પંહોચી શકે તે માટેનુ વ્યવસ્થિત આયોજન

કરવાનુ રહેશે તથા જથ્થો સમય મર્યાદામાં વાજબી ભાવની દુકાનો સુધી પંહોચે તે માટે દર ચાર કલાકે મોનીટરીગ કરવાનુ રહેશે .

6. ઉપરોક્ત કોષ્ટક – અ અન્વયેના **રેશનકાર્ડ ધારકોને એપ્રિલ** – ૨૦૨૦ માસ માટે વિના મૂલ્યની "ફૂડ બાસ્કેટ" અંતર્ગત આપવાની થતી જુદી – જુદી આવશ્યક ચીજ વસ્તુના બિલમાં **ભરવાપાત્ર રકમ "શૂન્ય" (0) આવશે. આમ, આ "ફૂડ બાસ્કેટ" લાભાર્થીઓને વિના મૂલ્યે આપવાનુ થાય છે.** આથી આ અંગેની જાણકારી આપના જીલ્લાના લાભાર્થી સુધી પંહોચી શકે તે માટે જરૂરી પ્રચાર/ પ્રસારની કાર્યવાહી કરવાની રહેશે. આપના જીલ્લાની તમામ વાજ્બી ભાવની દુકાનો ખાતે ૬'*૪' સાઇઝનું ફ્લેક્ષ બેનર લગાડવાનુ રહેશે.
7. ઉપરોક્ત કોષ્ટક – અ અન્વયેના રેશનકાર્ડ ધારકોને એપ્રિલ – ૨૦૨૦ માસ માટે વિના મૂલ્યની "ફૂડ બાસ્કેટ" અંતર્ગત આપવાની થતી જુદી – જુદી આવશ્યક ચીજ વસ્તુના બિલમાં ભરવાપાત્ર રકમ "શૂન્ય" (0) સાથેનુ ઓનલાઇન બિલ **વાજ્બી ભાવના દુકાનદારોના લોગીન આઇ.ડી માં (eFPS applicationમાં) જનરેટ થશે,**. પ્રવર્તમાન સંજોગો ધ્યાને લઇ એપ્રિલ -૨૦૨૦ માસના વિતરણ માટે વાજબી ભાવના દુકાનદારને ઓનલાઇન કે ઓફલાઇન કોઇપણ પધ્ધતિથી વિતરણ કરવાની છૂટ આપવામાં આવે છે.
8. **વિતરણ દરમ્યાન કોરોના (COVID-19) વાયરસની વ્યાપક અસરને ધ્યાને રાખીને નીચે મુજબની વ્યવસ્થા કરવાની રહેશે**
    1. લાભાર્થીને આગોતરા ટોકન અપવા કે ફળીયા દીઠ વિતરણ થાય તેવુ સુક્ષ્મકક્ષાનુ આયોજન કરવાનુ રહેશે.
    2. વાજબી ભાવની દુકાન ખાતે ગીર્દી ન થાય, સોશીયલ ડીસ્ટન્સ જળવાઇ રહે, શાંતિથી સુચારૂ રૂપે વિતરણ થાય તે માટે મદદરૂપ થવાં તલાટી કમ મંત્રી (પંચાયત/મેહસૂલ)/ ગ્રામ સેવક/ અન્ય નિયુક્ત સરકારી કર્મચારીની સેવાઓ મેળવવાની રહેશે તેમજ કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે માટે સ્થાનિક ગ્રામ રક્ષક દળ/ હોમગાર્ડ તથા પોલીસતંત્રની મદદ લેવાની રહેશે.
    3. ભારત સરકારની "સોશ્યલ ડીસ્ટન્સ" અંગેની ગાઇડલાઇન મુજબ ૧ મીટરનુ અંતર જળવાય તે માટે લાભાર્થીને ઉભા રહેવા માટે કુંડાળા કરવા

4. દુકાનદારોની કાળજી માટે ૫૦૦ સુધીના NFSA રેશનકાર્ડ ધરાવતા વા.ભા.દુકાનદારને સેનેટાઇઝરના ખર્ચ પેટે એપ્રિલ – ૨૦૨૦ માસ માટે રૂ. ૫૦૦ અને ૫૦૦થી વધુ NFSA રેશનકાર્ડ ધરાવતા વા.ભા.દુકાનદારને સેનેટાઇઝર પેટે રૂ.૧૦૦૦નો એપ્રિલ – ૨૦૨૦ માસ માટે ખર્ચ રાજ્ય સરકાર દ્વારા વાજબી ભાવના દુકાનદારોને ભરવાપાત્ર ચલણની રકમમાં સરભર કરી આપવામાં આવશે.

5. વિતરણ સમયે લાભાર્થીઓના હાથની સફાઇ માટે સેનીટાઇઝર/હેન્ડ વોશ/ સાબુની વ્યવસ્થા વાજબી ભાવના દુકાનદાર દ્વારા કરવામાં આવે અને લાભાર્થી તેનું પાલન કરે તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

6. વાજબી ભાવના દુકાનદાર દ્વારા "ઓફલાઇન" પધ્ધતિથી વિતરણ કરવામાં આવે ત્યારે તે અંગેની વિગતો અન્ન, ના.પુ વિભગના તા. ૦૧/૦૩/૨૦૧૮ના ઠરાવમાં નિયત કરેલ પત્રક ૪-અ તથા ૪-બમાં જરૂરી વિગતો સંબધિત દુકાનદાર દ્વારા નિભાવવામાં આવે તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

9. આ ઉપરાંત જે લોકો રેશનકાર્ડ કે અન્ય કોઇ પૂરવા ધરાવતા નથી, અને અત્યંત ગરીબ, નિરાધાર, ઘર અને કુટુંબવિહોણા છે તેવા સરકારશ્રીની "અન્ન બ્રહમ" યોજનાની પાત્રતા ધરાવતા લાભાર્થીઓને માહે એપ્રિલ -૨૦૨૦ માટે વ્યક્તિ દીઠ નીચે મુજબની વિગતે ઘઉં, ચોખા, ખાંડ, મીઠું અને ચણાદાળનો જથ્થો મળવાપાત્ર થશે.

| માહે એપ્રિલ -૨૦૨૦ માસ માટે વિનામૂલ્ય "ફૂડ બાસ્કેટ" | | |
|---|---|---|
| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | મળવાપાત્ર જથ્થો (પ્રતિ વ્યક્તિ) |
| ૧ | ઘઉં | ૩.૫૦૦ કિલોગ્રામ |
| ૨ | ચોખા | ૧.૫૦૦ કિલોગ્રામ |
| ૩ | દાળ | ૧.૦૦ કિલોગ્રામ |
| ૪ | ખાંડ | ૧.૦૦ કિલોગ્રામ |
| ૫ | મીઠું | ૧.૦૦ કિલોગ્રામ |

આથી ઉપરોક્ત વિગતો અન્વયે આપના જીલ્લાના લાભાર્થીઓને સબંધિત નાયબ મામલતદાર દ્વારા અધિકૃત કરી તેઓને આ યોજનાનો લાભ મળી શકે તે માટેનુ આયોજન કરવાનુ રહેશે.

આમ, હાલની કોરોના (COVID-19) વાયરસની વ્યાપક અસરને ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ "વિના મૂલ્યેનુ ફૂડ બાસ્કેટ" તમામ લાભાર્થી સુધી સરળતાથી પંહોચે તથા આ અંગેની લાભાર્થીઓને પૂરતી જાણકારી મળે તે માટે ઉપરોક્ત તમામ વિગતો ધ્યાને લઇ આ અગંની કામગીરી ૧લી એપ્રિલથી શરૂ કરી સત્વરે પૂર્ણ કરવાની રહેશે.

નિયામક
અન્ન, નાગરિક પુરવઠા કચેરી
ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ: -

1. સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા વિભાગ, ગાંધીનગર
2. વહીવટી સંચાલક, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગર
3. નાયબ સચિવશ્રી (પી.ડી.એસ) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા વિભાગ, ગાંધીનગર
4. જનરલ મેનેજર (ખરીદી) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગર
5. અન્ન નિયંત્રકશ્રી, અમદાવાદ શહેર
6. જીલ્લા પુરાવઠા અધિકારીશ્રી તમામ
7. સીસ્ટમ મેનેજરશ્રી (પી.એમ.યુ) નિયામક અન્ન નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગરને NIC સાથે પરામર્શમાં રહી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવા સારૂ

નકલ રવાના :-

1. શ્રી પ્રહલાદભાઇ ડી મોદી (પ્રમુખ), ગુજરાત ફેરપ્રાઇઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસીએશન, અમદાવાદ
2. શ્રી મહિપતસિંહ જટુભા ગોહિલ (પ્રમુખ), ઓલ ગુજરાત ફેરપ્રાઇઝ શોપ એસોસીએશન, ભાવનગર

સદરહુ બાબતે વિદિત થઇ રાજ્યના N.F.S.A લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયા મુજબનો જથ્થો વિના મૂલ્યે, સમયસર વિતરણ થાય તે માટેનું આયોજન થવા વિનંતી સહ.